**<u>વિરમગામના મહે.એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વિરમગામ,</u>**

**ફોજદારી કેસ નં.૨૪૮૬/૨૦૨૫**
**આંક– ૦૬**

શ્રી સરકાર .....ફરિયાદી

<u>**વિરૂધ્ધ**</u>

મયુરભાઈ ભીખાભાઈ ચૌહાણ, ઉ.વ.૩૬,
રહે. :વખાર ફળી,વિરમગામ,તા.વિરમગામ,જી.અમદાવાદ
.....આરોપી

આરોપ :– **પ્રોહી. કલમ–૬૬(૧)બી, ૮૫(૧)(૩)** મુજબ

<u>–:: ઠરાવ::–</u>

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ **પ્રોહી. કલમ–૬૬(૧)બી, ૮૫(૧)(૩)** મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે મુજબનું તહોમતનામું વાંચી સંભળાવતા આરોપી સ્વેચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે. જે અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે આરોપીને વાંચી સંભળાવતા સ્વેચ્છાએ સમજી, વિચારી કબુલાત કરેલ છે અને આરોપીની પ્લી લેતા તેઓએ ગુનાનો એકરાર કરેલ છે.
(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.
(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ કોડની કલમ–૨૭૧ મુજબ **પ્રોહી. કલમ–૬૬(૧)બી,૮૫(૧)(૩)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૦૫(પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે: સપ્ટેમ્બર સને: ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૯/૨૦૨૫
વિરમગામ

(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)
એડી.સીની. સિવિલ જજ અને
એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ.
(જજ કોડ–જીજે૦૧૨૬૩)